# બચ્ચાંઓના હુસૈન (અ.સ.)

એક વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપના અસ્હાબો સાથે મસ્જિદમાં નિશસ્ત ફરમાઁ હતા. તે વક્ત આપ (સ.અ.વ.વ.) ના બેવે નવાસા ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) પધારા. આપ (સ.અ.વ.વ.) એ બંને નવાસાઓને શફકતથી પોતાની છાતીથી લગાવી દીધા અને પૂછ્યું કે "શું વાત છે ?" બંને નવાસાઓના હાથમાં કાગઝ હતો અને બંને નવાસાઓએ નાનાજી સાહબને પોત પોતાના કાગઝ બતાવીને કહ્યું કે, "અમારા ખુતૂત (કિતાબત, લખાણ) પર આપ નઝર કરીએ અને ફરમાવીએ કે અમારા બંને માંથી કોના ખુતૂત અચ્છા છે ?"

રસૂલે કરીમ (સ.અ.વ.વ.) ચંદ સાઅત તક કાગઝ તરફ નિગાહ કીધી અને બંને નવાસાઓની આઁખોમાં ઈન્તેઝાર જોયો. આપ (સ.અ.વ.વ.) એ મનમાં ને મનમાં સોચ્યું કે, હું કોને નારાઝ કરું ? મારે વાસ્તે તો બંને નવાસાઓ યકસાં છે ! પછી આપ (સ.અ.વ.વ.) એ બંને નવાસાઓને ફરમાવું કે, અય મારા નૂરે નઝર, તમે તમારા બાવાજી સાહબ ને નઝદીક જાઓ તે જ તમારા ખુતૂતની સહીહ પરખ કરશે.

બંને શાહઝાદાઓ ખુશ મિઝાજ થઈને પોતાના બાવાજી સાહબ મૌલાના અલી (અ.સ.) ની નઝદીક આવા. કાગઝ બતાવીને બોલા, "અય બાવાજી સાહબ, અમને નાનાજી સાહબે આપને નઝદીક મોકલા છે. અમારા માંથી કોના ખુતૂત અચ્છા છે તે ફરમાવો."

મૌલાના અલી (અ.સ.) એ એક નઝર કાગઝ તરફ કીધી અને પછી બંને શાહઝાદાઓના ચહેરા તરફ નઝર કીધી. આપ જોઈ છે કે, બંને શાહઝાદાઓ ફેંસલો સાંભલવા કેટલા બેતાબ છે. પછી આપ મૌલા અલી (અ.સ.) એ સોચ્યું કે, "જો નાનાજીએ નવાસાઓને નારાઝ નથી કીધા તો હું કઈ રીતે કરું ?" પછી આપ મૌલા અલી (અ.સ.) એ ઘણી કરીમી-હલીમી સાથે ફરમાવું કે, "અય મારા કુર્રતુલ ઐન ! તમે તમારા માઁ સાહેબા ને જ પૂછોને !"

બંને બિરાદરો પોતાના માઁ સાહબા મૌલાતના ફાતેમા (અ.સ.) ને નઝદીક દૌડી ગયા અને કહેવા લાગા કે, "અય માઁ સાહબે અમારા ખુતૂતનો કોઈ ફેંસલો કરતું નથી." મૌલાતેના ફાતેમા (અ.સ.) એ પૂછ્યું કે, "શું વાત છે ? બંને બિરાદરો ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) એ હકીકત બયાન કીધી અને બોલા, હવે આપ જ ફેંસલો ફરમાવીએ કે અમારામાંથી કોના ખુતૂત બહેતર છે ?"

મૌલાતના ફાતેમા (અ.સ.) એ બંને નૂરે ઐન નાં ખુતૂત જોયા. ચંદ પલ સોચીને પોતાના ગલામાંથી મોતીનો હાર નીકાલીને ફરમાવું કે, "અય મારા જિગરના ટુકડાઓ ! આ હારમાં સાત મોતી છે. હું તેને ઝમીન પર ફેલાવી દઉં છું, તમારા બંને માંથી જેના હાથમાં વધારે મોતી આવશે એના ખુતૂત બહેતર છે એમ હું માનીશ."

બંને શાહઝાદાઓ ખુશ થઈ ગયા અને મોતીઓ લેવા તૈયાર થઈ ગયા. મૌલાતના ફાતેમા (અ.સ.) એ હાર માંથી મોતીઓને ઝમીન પર છૂટા કરી ફેલાવી દીધા. બંને શાહઝાદા ઓ એ ઝિયાદહ મોતી લેવા ઝપટ મારી. બંનેના હાથમાં ત્રણ મોતી આવા. ચોથું મોતી બેમાંથી કોઈ એકના હાથમાં આવે તે પહેલા અલ્લાહ તઆલાના હુકમથી જિબરઈલ (અ.સ.) એ તેના બે ટુકડા કરી નાખા.

આથી બંને શાહઝાદાઓના હાથમાં સરખે સરખા મોતી આવા. આ ઈલાહી મોઅજીઝો જોઈને મૌલાતના ફાતેમા (અ.સ.) ની આઁખમાંથી આઁસુ નીકલી આવા. આપ સમઝી ગયા કે, અલ્લાહ તઆલા ખુદ આ શાહઝાદાઓને નારાઝ કરવા તૈયાર નથી. અને આપે તરત જ ફરમાવું કે,

"અય મારા નૂરે નઝર, તમારા બંનેના ખત ઉમદા છે અને યકસાં છે." ★